તા- ૨૩/૦૫/૨૦૨૦


Shrinking values.
Shrinking childhood.
Shrinking civilization.
What is antidote for them?
Return of गुरुकुल शिक्षण
समवायो दुरत्ययः
निर्घोष
nirghosh.official

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 4 | | | 8 | | 2 |
| 3 | | 7 | | | 5 | | | |
| | | 2 | | | | 9 | | |
| 9 | | 3 | | | | 1 | | |
| | | 1 | | | 7 | 4 | 9 | 8 |
| | | | 6 | | 1 | | | 7 |
| | 3 | | 8 | 6 | | 2 | 4 | |
| | 4 | | 3 | 5 | | | | |
| 2 | 9 | | | | | | 3 | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | 1 | | 8 | 2 |
| | | | 5 | 6 | | 1 | | 7 |
| 6 | 3 | | | 7 | 2 | | | |
| | | | 7 | | | 9 | 1 | |
| | | 3 | 4 | | 6 | 7 | | |
| | | 2 | | | | | 4 | |
| | 1 | | | | 3 | | 7 | |
| | 2 | 5 | | 1 | | | | |
| | | 6 | | 5 | | 3 | | |

## ઉખાણું

મુઠ્ઠી જેવડો ચોકીદાર
સાચવે ઘર અને દુકાન,
પણ કોઇ દિવસનાં માગતો
ભાડુ કે વેતન.

## જોડકણા

ઔષધ ઘોળે વૈદજી બેઠા ખરલમાં ઘૂંટી ઘૂંટી,
નાડ તપાસી ઔષધ આપે, મધ સાથે ખાજો ચાટી.

## ક્રિયાકલાપ

| | |
|---|---|
| સાધન સામગ્રી | પીન અથવા સ્પ્રિંગ, ગરમ પાણી |
| વર્ણન | પીનનો આકાર અવ્યવસ્થિત કરી ગરમ પાણીમાં નાખો. |




# ચિત્ર



# વાર્તા રે વાર્તા

## કોણ શ્રેષ્ઠ ?

– રમેશ જાની

ઉનાળાની ઋતુ હતી. રાજા વિક્રમનો દરબાર ભરાયો હતો. કાલિદાસ પંડિત પણ બેઠા હતા. તે પોતાના કામમાં તલ્લીન હતા.

વિક્રમાદિત્યને મજાક કરવાનું મન થયું. તેમણે કાલિદાસને કહ્યું, 'તમે કદરૂપા છો ને આજે તો વધારે કદરૂપા લાગો છો. મને તો તમને જોઈને હસવું આવે છે. ભગવાને તમને અન્યાય કર્યો છે.'

કાલિદાસે રાજાજીની વાત મૂંગે મોઢે સાંભળી લીધી. તેમને ખરાબ લાગ્યું પણ કંઈક વિચારીને ત્યારે તેઓ કંઈ બોલ્યા નહિ.

બીજે દિવસે જ્યારે દરબાર ભરાયો ત્યારે કાલિદાસે દરબારમાં રાખેલા માટીના ઘડાની જગ્યાએ સોનાનો ઘડો રાખી દીધો. રાજાને બપોરે તરસ લાગી. તેમણે સોનાના ઘડાનું પાણી પીધું તો તે તેમને ગરમ લાગ્યું. રાજા ગુસ્સે થઈને બોલ્યા, 'કોણે અહીંથી માટીનો ઘડો લઈ લીધો છે ? એને એટલી પણ ખબર પડતી નથી કે સોનાના ઘડામાં પાણી ઠંડું રહેતું નથી.'



કાલિદાસ હાથ જોડીને બોલ્યા, 'માફ કરો. મહારાજ ! એ માટીનો ઘડો લઈને મેં જ સોનાનો ઘડો રાખ્યો હતો. મને થયું કે રાજાને સુંદર વસ્તુ જ ગમે છે. માટીનો ઘડો સોનાના ઘડા જેટલો સુંદર લાગતો નથી. એનું પાણી તમને વધારે ગમશે એટલે મેં આવું કર્યું હતું.'

રાજાજીનો ક્રોધ શાંત થઈ ગયો. તેમને તરત પોતાની ભૂલ સમજાઈ ગઈ. તેમણે કાલિદાસને કહ્યું, 'તમે આજે મને સાચી સમજ આપી દીધી. અત્યાર સુધી મને સુંદર વસ્તુ ગમતી હતી. ને હું તેના ગુણ જોતો ન હતો. ગુણવાન માણસ જ શ્રેષ્ઠ છે, સુંદર નહિ.'

આટલું કહીને આખા દરબાર વચ્ચે રાજા વિક્રમાદિત્યે કાલિદાસનું સન્માન કર્યું.

■

https://www.facebook.com/watch/?v=849779992167071

# વિજ્ઞાન પ્રયોગ

૧૬



## ખુલ્લા મુખવાળો ફુગ્ગો – ૧



**સાધન-સામગ્રી** : ઢાંકણ વિનાની ૧ લિટરની પેટ બૉટલ, ૧ મોટો ફુગ્ગો

**કૃતિ** :
૧. મોટા ફુગ્ગાને પેટ બૉટલમાં નાંખો અને ફુગ્ગાના મોંને બૉટલના મોં ઉપર લગાવો.
૨. અંગૂઠાને છિદ્ર પર હળવેકથી મૂકો અને ફુગ્ગાને ફુલાવો અને ફુગ્ગો ફુલાવ્યા બાદ છિદ્રને ચુસ્ત રીતે બંધ કરો.



(૧)

**નિરીક્ષણ** : ફુગ્ગાનું મોં ખુલ્લું હોવા છતાંય ફુગ્ગો ફુલેલો રહે છે.



(૨)

**શા માટે ?** :
૧. જ્યારે આપણે ફુગ્ગાને ફુલાવીએ છીએ ત્યારે છિદ્રને હળવેથી દબાવીએ ત્યારે ફુગ્ગામાં રહેલી હવા છિદ્ર દ્વારા બહાર નીકળી ફુગ્ગાને ફુલવાની જગ્યા કરી આપે છે.



(૩)

૨. જ્યારે હવા બહાર નીકળી જાય છે ત્યારે બૉટલમાં હલકું દબાણ ઉત્પન્ન થાય છે.
૩. જ્યારે છિદ્રને ચુસ્ત રીતે બંધ કરવામાં આવે છે ત્યારે ફુગ્ગો ખુલ્લું મુખ હોવા છતાંય ફુલેલો રહે છે.
૪. છિદ્રને ખુલ્લું કરતાં ફુગ્ગો સંકોચાઈ જાય છે.

**સિદ્ધાંત** :
૧. વાતાવરણના દબાણની અસર
૨. હવા ઊંચા દબાણથી નીચા દબાણ તરફ ગતિ કરે છે.

| ગૃહકાર્ય |
| --- |
| https://vimeo.com/showcase/7137513 |
| https://vimeo.com/showcase/7137517 |
| https://www.youtube.com/watch?v=2UIES7xXR44&feature=youtu.be |

| રમત |
| --- |
| https://vimeo.com/showcase/7137506 |

## મેરા ભારત મહાન.




## -: રામાયણ :-

લંકા નગરી ક્યાં પર્વત પર બનાવવા માં આવી હતી? કોણે?

# दुर्लभं भारते जन्म

## માધવરાયજીનું પૌરાણિક મંદીર, માધવપુર ઘેડ, ગુજરાત



ગુજરાત ના પોરબંદર જિલ્લામાં આવેલા માધવપુર ઘેડમાં શ્રી માધવરાયજીનું પૌરાણિક મંદીર આવેલું છે,આ ભગ્નમંદીર સોલંકી ઢબનું ચૌદમી થી પંદરમી સદીનું ગણાય છે. મંદીર ઉતમ શિલ્પરચિત છે. સમુદ્રકિનારા પર રેતીથી અર્ધ દટાઈને ઇતિહાસ જાળવીને હજુ પણ આ મંદીર બેઠુ છે. મંદીરનું શિખર વર્તુળાકાર છે. પુર્વે ઉત્ખન્ન દરમિયાન મંડોવરનો મહત્વનો નીચેનો ભાગ દટાયેલો મળી આવ્યો હતો. તેની આસપાસ જીર્ણવાવ, સપ્તમાતૃકા અને અન્ય મંદીરના ભગ્નાવશેષો પણ મળીઆવેલા છે. માધવરાયજીનાં આ મંદીરને ૧૬ થાંભલા છે. ૧૬ થાંભલાયુકત મંડપ "સિંહમંડપ" તરીકે જાણીતો છે. તેમાંના આઠ થાંભલા શિખરને ટેકવે છે. બાકીનાં આઠ સ્તંભ મંડપ તથા પ્રવેશની છતને ટેકવે છે.

માધવરાયજીનું આ જુનુ મંદીર પુરાતત્વનાં અવશેષરૂપે સાચવવામાં આવેલુ છે. નવું મંદીર લગભગ સતરમી સદીમાં બનાવેલુ છે. જે પોરબંદરનાં રાણા વિકમાતજી અને રૂપાળીબાએ બંધાવી આપેલ છે. આ નવા મંદીરમાં જુના મંદીરની જ પ્રતિમા (મુર્તિઓ) પધરાવવામાં આવેલ છે. કહેવાય છેકે સૌરાષ્ટ્રનાં વિખ્યાત બહારવટીયા મુળુ માણેક અને જોધા માણેક અહીં આવીને પ્રાચીન મંદીર પર ભગવાન કૃષ્ણની ધજા ફરકાવી ગયેલા હતા.

રાજાશાહીના સમયમાં માધવપુર ગામ ઉપર પોરબંદરના જેઠવા રાજપુતોનું રાજ હતું. તેઓને "મહારાજા રાણાસાહેબ" નો ખિતાબ પણ મળેલ હતો. જેથી તેઓ રાણા તરીકે પણ ઓળખાય છે. સૌરાષ્ટ્રમાં પ્રાચીન દ્વારકા જે કેટલાક સ્થળોએ હોવાનો દાવો થાય છે. તેમાં માધવપુર પણ એક છે. ઘેડપંથકની ઘણી જગ્યાએ એક હજાર વર્ષ પહેલાનાં અવશેષો મળી આવે છે.

# शरीरमाद्यं खलु धर्मसाधनम् ।।

## સરળ આયુર્વેદિક ચિકિત્સા પદ્ધતિ

- Nasya – બંને નસકોરામાં તલનું તેલ / નારિયેલનું તેલ અથવા ઘી લગાવો- સવાર અને સાંજ
- કોગળા કરવા- ૧ ચમચી તલ અથવા નારિયેલનું તેલ મોંઢામાં લઈ ૨ થી ૩ મિનિટ રાખવું અને પછી કાઢી નાંખી (પીવુ નહી) પછી ત્યારબાદ ગરમપાણીના કોગળા કરવા- દિવસમાં એક કે બે વાર કરી શકાય

## સરળ આયુર્વેદિક ચિકિત્સા પદ્ધતિ

- તાજા ફુદીના ના પાંદડા અથવા અજમાના ગરમ પાણીની વરાળનો નાસ લેવો
- લવિંગ પાવડર સાકર અથવા મધ સાથે મિક્ષ કરી લઈ શકાય છે. ઉધરસ અથવા ગળામાં બળતરાના કિસ્સામાં દિવસમાં એક વખત.

નોંધ:- ઉપરોક્ત પગલા (માર્ગદર્શિકા) કોરાના (COVID 19) ની સારવાર હોવાનો દાવો કરતું નથી.

| -: અપેક્ષા રહિત કામ કરવું :- |
| --- |

| |
| --- |
| શાર્દૂલ શિશુ વિહાર સુરત :- 7818088520<br>શાર્દૂલ શિશુ વિહાર જુનાગઢ :- 9722127743<br>શાર્દૂલ શિશુ વિહાર કર્ણાવતી :- 9904469844<br>શાર્દૂલ શિશુ વિહાર પુણે :- 7249696110<br>શાર્દૂલ શિશુ વિહાર વડોદરા :- 79845 49896 |
| પાછલા ઝરણાંની આવૃત્તિ માટે જાવ<br>http://www.shardul.org/ |
| https://www.facebook.com/Shardul.Official/ |